**આંક– ૧૧**

**શ્રીમતી રઝિયા સલીમખાન પઠાણ, પ્રમુખ અધિકારી, ઔદ્યોગિક ન્યાય પંચ, અમદાવાદ સમક્ષ.**

**એપ્રુવલ અરજી નં. ૫૬/૨૦૨૫**
**ઈન**
**રેફરન્સ (આઇ.ટી.) નં. ૭૨/૨૦૨૦**

**અરજદાર** : ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન
કાલાવડ રોડ, જામનગર વિભાગ: જામનગર.

**વિરૂધ્ધ**

**સામાવાળા** : શ્રી અનિશાબેન એ. શાહમદાર,
મુ. ધ્રોલ, મેમણ ચોક રોડ,
તા.ધ્રોલ,જી. જામનગર,
કાર્યસ્થળ: એસ.ટી ડેપો ધ્રોલ,
હોદ્દો:–કંડકટર(કાયમી), બેજ નં. ૫૮૫૮

**<u>હાજર રહયા:–</u>**

અરજદાર તરફે : વિધ્વાન વકીલશ્રી એચ.સી.નાયડુ.
સામાવાળા તરફે : ગેરહાજર.

**બાબત:–**<u>ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૩૩(૨)(બી) અન્વયેની અરજી.</u>

## <u>–: ચુકા દો :–</u>

**૧.** અરજદારે હાલની અરજી ઔદ્યોગિક વિવાદ ધારો, ૧૯૪૭ (કે જેને હવે પછીથી ટુંકમાં ''આઈ.ડી. એકટ'' તરીકે ઉલ્લેખેલ છે) ની

કલમ–૩૩ (૨)(બી) ની જોગવાઈ મુજબ સામાવાળા વિરૂધ્ધ દાખલ કરી સામાવાળાને નોકરીમાંથી બરતરફ કરવાના પગલાંને બહાલી આપવા અરજ ગુજારેલ છે.

૨. અરજદારની અરજીની ટુંકી હકીકત એવી છે કે, અરજદારની સંસ્થામા સામાવાળા કંડકટર તરીકે એસ.ટી ડેપો ધ્રોલ ખાતે નોકરી કરે છે. સામાવાળાને નં.ડીસી/જામ/ટીઆર/ડી/૫૮૦ તા.૧૯/૧૨/૨૦૨૪ વાળું તહોમતપત્ર આપેલ. ઉપરોક્ત તહોમતપત્ર અન્વયે સામાવાળા સામે ખાતાકીય તપાસ કરવામાં આવેલ. જે તપાસ કાયદેસરની સેવાકીય નિયમો અને કુદરતી ન્યાયના સિદ્ધાંતો અનુસારની હતી અને તે બાબતમાં તા.૨૪/૦૨/૨૦૨૫ નાં પત્ર નં. ડીસી/જામ/ટીઆર/ડી/૬૩ ના રોજની કારણદર્શક નોટીસ આપેલ. ઉપરોક્ત નોટીસ અન્વયે સામાવાળાને બચાવની પુરેપુરી તક આપવામાં આવેલ. કારણદર્શક નોટીસનો જવાબ આપેલ નથી. જે ધ્યાને લઇ સામાવાળા સામે તા.૨૭/૦૩/૨૦૨૫ નો બરતરફનો હુકમ પસાર કરવામાં આવેલ. વધુમાં જણાવેલ છે કે સામાવાળા સામે કરવામાં આવેલ ઉપરોક્ત હુકમ ન્યાયી, વ્યાજબી અને કાયદેસરનો છે અને તે હુકમ તેઓની સામે કુદરતી ન્યાયના સિદ્ધાંત અનુસાર બચાવની તથા રજૂઆત કરવાની પુરતી તક આપ્યા બાદ કરવામાં આવેલ છે. ઉપરોક્ત કાર્યવાહીના તમામ કાગળો આ સાથે જુદા લીસ્ટથી સામેલ કરવામાં આવેલ છે.

વધુમાં જણાવેલ છે કે, ઔધોગિક ન્યાયપંચ સમક્ષ રેફરન્સ (આઇ.ટી.) નં. ૭૨/૨૦૨૦ સુનાવણી માટે પડતર છે અને સામાવાળા તે કાર્યવાહીમાં સંબંધિત કામદાર છે અને જેથી આ અરજી ઔધોગિક વિવાદ ધારાની કલમ ૩૩ (૨)(બી) અન્વયે સંમતિ મેળવવા કરવાની જરુર પડેલ છે. વધુમાં જણાવેલ છે કે સામાવાળાને

બરતરફ કરવાના હુકમ સમયે કલમ ૩૩(૨)(બી) અન્વયે એક માસના પગારની રકમ ઓફર કરવામાં આવેલ છે. વધુમાં જણાવેલ છે કે સામાવાળા સામે ઉપર જણાવ્યા મુજબ અરજદારે લીધેલ છુટા/બરતરફ કરવાનું પગલું ન્યાયી, વ્યાજબી અને કાયદેસરનું હોય તે સંમતિ મેળવવા માટે પાત્ર છે.

વધુમાં જણાવેલ છે કે, સામાવાળા સામે કરવામાં આવેલ હુકમ સંસ્થાના નિયમો મુજબની કાર્યવાહી કરી તથા કુદરતી ન્યાયના સિધ્ધાંતો અનુસારની કાર્યવાહી કર્યા બાદ પસાર કરવામાં આવેલ છે. આમ છતા ન્યાયપંચ એવા તારણ ઉપર આવે કે અરજદાર સંસ્થા ધ્વારા કુદરતી ન્યાયના સિધ્ધાંતોનું પાલન કરવામાં આવેલ નથી તો તેવા સંજોગોમાં અરજદારે સામાવાળાને આપવામાં આવેલ કારણદર્શક નોટીસમાં જણાવેલ ગુના બાબત ન્યાયપંચ સમક્ષ યોગ્ય પુરાવા લઈ તે પુરવાર કરવાની પરવાનગી આપવા વિનંતી કરેલ છે.

અરજદાર તરફે આંક–૨ ના લીસ્ટથી નિમણુકપત્રક, હાજર રીપોર્ટ, ડેપો મેનેજર એસ.ટી.ધ્રોલના રીપોર્ટ નં.૨૫૪ તા.૧૬/૧૦/૨૦૨૪ અને તેની સાથે રજુ થયેલ દસ્તાવેજો, તહોમત પત્ર નં.૦૧૧૮/૨૪, કેસ અન્વયે તપાસ અધિકારીની નિમણુંક, રૂબરૂ સુનવણીના કાગળો તેમજ કાર્યવાહી, રૂબરૂ સુનાવણી અંગે તપાસ અધિકારીનું તારણ, રૂબરૂ સુનાવણી અંગે યોગ્ય સતાધિકારીનું પ્રાથમિક તારણ, કારણદર્શક નોટીસ, યોગ્ય સતાધિકારીનું આખરી તારણ, બરતરફીનો હુકમ , ડીફોલ્ટ કાર્ડ, કર્મચારીનું હાજરીપત્રક, નોટીસ પગાર આપ્યાની સહીવાળી નકલ અને ચેકની નકલ, બરતરફીનો હુકમની સહીવાળી નકલ રજુ થયેલ છે.

૩. સામાવાળાને ધોરણસરની જવાબ–સુનાવણીની નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ, સામાવાળાને નોટીસ બજવા છતાં, સામાવાળા તરફે કોઈ હાજર ન રહેલ નથી કે અરજદારની અરજીનો જવાબ રજુ કરવામાં આવેલ નથી. સામાવાળા તરફે કોઈ હાજર ન રહેતા કે જવાબ રજુ કરવામાં ન આવતા આંક–૬ ની અરજી ઉપર હુકમ કરી સામાવાળાનો જવાબનો હકક બંધ કરવામાં આવેલ છે.

૪. અરજદાર તરફે આંક–૭ થી શ્રી જીજ્ઞેશ વાઘદાન ઈશરાણી, ડી.ટી.ઓ.શ્રી, જામનગરનાઓનું સોગંદનામું રજુ થયેલ છે. સામાવાળા તરફે ઉલટતપાસ કરવા કોઈ હાજર ન રહેતા આંક–૮ ની અરજી ઉપર હુકમ સામાવાળાનો ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવેલ છે.

૫. અરજદાર તરફે આંક–૯ થી કલોઝીંગ પુરસીસ આપવામાં આવેલ છે. સામાવાળા તરફે કોઈ હાજર ન રહેતા કે કોઈ સાક્ષી પુરાવા રજુ કરવામાં ન આવતા આંક–૧૦ ની અરજી ઉપર હુકમ કરી સામાવાળાનો સાક્ષી–પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

૬. આ કામના અરજદારના વિધ્વાન વકીલશ્રીની દલીલો સાંભળી, સામાવાળા તરફે કોઈ હાજર ન રહે તા આ કામ ન્યાયના હિતમાં હુકમ ઉપર લેવામાં આવેલ છે.

૭. સામાવાળા તરફે કોઈ હાજર રહેલ નથી કે અરજીનો જવાબ રજુ કરવામાં આવેલ નથી. અરજદાર સાક્ષીની ઉલટતપાસ પણ કરવામાં આવેલ નથી.

ઉપરોક્ત સંજોગોમાં સામાવાળા ધ્વારા અરજદારની અરજીની હકીકતોને પડકારવામાં આવેલ ન હોય કે સાક્ષીની

ઉલટતપાસ કરવામાં આવેલ ન હોઈ, અરજદારે અરજીમાં જણાવેલ હકીકતો તેમજ અરજદાર સાક્ષીએ સોગંદનામામાં જણાવેલ હકીક્તો ન માનવાને કોઈ કારણ રહેતું નથી. અરજદારની અરજીની હકીકતો તથા રજુ દસ્તાવેજો ધ્યાને લેતાં અરજદારે સામાવાળા શ્રમયોગીને નોકરીમાંથી બરતરફીના હુકમ સમયે ધી આઈ.ડી.એકટની કલમ-૩૩(૨)(બી)ની આજ્ઞાત્મક જોગવાઈઓનું અક્ષરસહ પાલન કરેલ હોવાનું પ્રથમ દૃષ્ટિએ જણાઈ આવતું હોઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે .

**-:: હુ ક મ ::-**

(૧) અરજદારની એપ્રુવલ અરજી નં. ૫૬/૨૦૨૫ મંજુર કરવામાં આવે છે.

(૨) અરજદારના સામાવાળા શ્રમયોગીને નોકરીમાંથી બરતરફ કરવાના પગલાંને આથી બહાલી આપવામાં આવે છે.

સદર હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૨૯-૦૪-૨૦૨૬

**(રઝિયા સલીમખાન પઠાણ)**
પ્રમુખ અધિકારી,
ઔદ્યોગિક ન્યાય પંચ, અમદાવાદ.
કોડ નં.જીજે૦૦૭૭૧

એસ.જી.રામાણી